

સપ્તરંગ ફેસ્ટ-૨૦૨૬માં પધારેલ વિશેષ મહાનુભાવો

બસ મારે સત્યના માર્ગ પર જ ચાલવાનું છે. જો આટલી વાત આપણને ધ્યાનમાં રાખીશું તો આપણને સંપૂર્ણ ભગવદ્ ગીતા સાંભળવાની પણ જરૂર નહિ પડે. જો આટલી વાત આપ સમજી જશો તો આપ એક શ્રેષ્ઠ ઇન્ફ્લુએન્સર બની શકશો. માત્ર શોર્ટ કટ કરવાથી ભ્રામક અને ખોટું લખવાથી, અનિયંત્રિત ભાષા વાપરી લોકપ્રિયતા મળી જતી નથી. ખૂબ સારા વિષયો, સારા વિચાર અને સારી ભાષાના ઉપયોગથી જ શ્રેષ્ઠ ઇન્ફ્લુએન્સર બની શકાય છે. આ ફેસ્ટનો આશય પણ એવા જ ક્રિએશનને પ્રોત્સાહન આપવાનો છે.

અન્ય એક વાત એ પણ ધ્યાનમાં રાખવી રહી કે, આપણે જે પણ કન્ટેન્ટ ક્રિએટ કરીએ તેમાં ભારત દેખાવું જોઈએ. કારણ કે આપણી દુનિયા ભારત છે, ભારત અને આપણે અલગ થઈ જ ન શકીએ. ભારતની એ સુંદરતા છે કે ભારત એક એવો દેશ છે કે જેની પાસે શક્તિ આવે છે, તો સૌ પ્રથમ તે અન્યના કલ્યાણ અંગે વિચારે છે. તેની પાસે ધન આવે છે તો વિશ્વમાં ક્યાંય પણ ગરીબી છે તો તેને દૂર કરવાનું વિચારે છે. પાછલાં ૨૦૦-૩૦૦ વર્ષોનો ઇતિહાસ છે કે જેની પાસે પણ શક્તિ આવી છે તેને યેન-કેન પ્રકારે વિશ્વને પરાધીન બનાવવું છે. યુદ્ધ કરી મહાવિનાશ કર્યો છે. આજે પણ એ જ થઈ રહ્યું છે. સત્ય માટે - ધર્મ માટે યુદ્ધ કરવું જરૂરી છે. રામાયણ, મહાભારતમાં પણ યુદ્ધ થયું હતું. પરંતુ સ્વાર્થ માટે યુદ્ધ યોગ્ય નથી, માટે આ વિશ્વની સમક્ષ આવા ભારતને ઊભું કરવું અને તેવા ભારતને ઊભું કરવા માટે યુવાઓને યોદ્ધાઓ રૂપે ઊભા કરવા ખૂબ મોટી જવાબદારી આપણી ઉપર છે. આવનાર સમયમાં જો આપણે આવું ભારત ઊભું કરી શકીશું તો, ન માત્ર ભારતની સમસ્યાઓનું સમાધાન થશે, વિશ્વની સમસ્યાઓનું સમાધાન પણ થશે. માટે ક્રિએટર્સ પોતાની દુનિયાને માત્ર એક મનોરજંન કે ટાઇમપાસ તરીકે જ ન જુએ. તમારા જમાનાની ટેકનોલોજી છે તેને વાપરવી જરાય ખોટું નથી, પરંતુ તેનો યોગ્ય દિશામાં સમાજકલ્યાણ, રાષ્ટ્રકલ્યાણ માટે ઉપયોગ કરો. તમારી ક્ષમતા મુજબ તેનો ઉપયોગ કરવામાં કશું જ ખોટું નથી. બસ સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જરૂરી છે. કારણ કે, ખાવાની જેટલી ક્ષમતા હોય છે તેટલું જ વ્યક્તિ પચાવી શકે છે, તેવું જ સોશિયલ મીડિયાનું પણ છે. જો આ વાતનું ધ્યાન રાખવામાં આવે તો આ બાબતે કોઈ જ સમસ્યા નહિ રહે.

અંગ્રેજીમાં ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ નામની ફિલ્મની શ્રેણી આવે છે. સોશિયલ મીડિયા પર પણ તેનો ઘણો પ્રભાવ છે ત્યારે તમારે ફાસ્ટ તો હોવું જ જોઈએ, કારણે કે વિશ્વ પણ ગતિથી ચાલે છે, પરંતુ તે માટે ફ્યુરિયસ થવું જરૂરી નથી તેના કરતાં ફાસ્ટ એન્ડ સ્ટીલ બ્યુટિફૂલનું કોમ્બિનેશન હોવું જોઈએ અને એવું થઈ શકે છે, કારણ કે ભારત ખૂબ ગતિમાન છે, છતાં તે સુંદર રહ્યું છે અને સુંદર છે. આ પ્રકારનું એક અલગ કોમ્બિનેશન આપણે નિર્માણ કરવાનું છે. આ દૃષ્ટિએ આપણે વિચારવું જોઈએ. અને આપણા માટે ખૂબ જ સારો સંકેત છે કે, રાજનીતિથી, કલાથી લઈ ભારતીય ભોજન સુધી ઘણા બધા ક્રિએટર્સ ભારતની એ સુંદરતાને ઉજાગર કરી રહ્યા છે. ભૂષા, ભોજન, ભવન સહિતના આપણા ‘સ્વ’ના જેટલા પણ પક્ષ હોઈ શકે છે. તેને વિશ્વ સમક્ષ લાવવાની જવાબદારી યુવા ક્રિએટર્સની છે. સંઘનું શતાબ્દી વર્ષ ચાલી રહ્યું છે. પંચ પરિવર્તન અંગે ઘણા બધા યુવા ક્રિએટર્સ કન્ટેન્ટ બનાવી રહ્યા છે. પર્યાવરણ સંરક્ષણ માટે આપણે શું કરી શકીએ, પરિવાર કેવી રીતે સંગઠિત રહી શકે, નાગરિક કર્તવ્ય, ‘સ્વ’ સામાજિક સમરસતા અંગે ખૂબ જ સારી સારી સામગ્રી પીરસાઈ રહી છે ત્યારે અહીં ઉપસ્થિત ક્રિએટર્સ પણ આ જ પ્રકારનાં નવાં નવાં કન્ટેન્ટ બનાવી આગળ વધે એવી અપેક્ષા છે.



સાધના | પેજ નંબર: 10 | તારીખ : 18/04/2026